# ગ્રાહકફરિયાદનિવારણફોરમ, જુનાગઢ

પશ્ચિમગુજરાતવીજકંપનીલીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

website : www.pgvcl.com

CIN:U40102GJ2003SGC042908


પીજીવીસીએલ/સીજીઆરએફ/03/ક્વા-૦૧/૨૦૨૪-૨૫ / No 126 તા. 18 JUN 2024

રજી.એડી./સ્પીડ પોસ્ટ/કુરિયર મારફત

પ્રતિ,
અપારનાથી જીતેન્દ્રગીરી મનસુખગીરી
"દ્વારકાધીશ-૧" વેરાવળ-કોડીનાર હાઈવે,
ગામ - ઘંટીયા-પ્રાચી,તા.-સુત્રાપાડા,
જી. :ગીર સોમનાથ, પીનકોડ : ૩૬૨૨૬૫ મોબાઈલ : ૯૮૨૪૫૯૦૭૭૮

**વિષય :** અન્ડર કન્સ્ટ્રકટેડ બિલ્ડીંગ પર લાઇન શિફ્ટિંગ માટેની અરજી.

**સંદર્ભ :** અપારનાથી જીતેન્દ્રગીરી મનસુખગીરી ની રજુઆત મળ્યા તારીખ: 30.03.૨૦૨૩

( અત્રેનાફોરમનીનોંધણીનંબર : 03/ક્વા-૦૧/૨૦૨૪-૨૫)

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

(ડી.એસ.રાજપાલ)
કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., જુનાગઢ

બિડાણ : ઉપર મુજબ.
નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, જુનાગઢ

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, વેરાવળ

સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, પ્રાચી

પીજીવીસીએલ/સીજીઆરએફ/03/ક્વા-0૧/૨૦૨૪-૨૫/ No 126 તા. 18 JUN 2024

૨00૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – 03/ક્વા-0૧/૨૦૨૪-૨૫**

અરજદાર: શ્રી અપારનાથી જીતેન્દ્રગીરી મનસુખગીરી, ગામ – ઘંટીયા-પ્રાચી,

સબડીવીઝન: પ્રાચી

**:: વિરુધ્ધ ::**

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી, વેરાવળ,

**:: કોરમ ::**

| | |
|---|---|
| ૧) ચેરપર્સન | : શ્રી એન.સી.મકવાણા |
| ૨) મેમ્બર સ્વતંત્ર | : શ્રી એન.એસ.પંડયા |
| ૩) મેમ્બર ટેકનીકલ | : શ્રી વી.જી.મારકણા |

સુનાવણી સ્થળ- પીજીવીસીએલ,વર્તુળ કચેરી, જુનાગઢ

તારીખ: ૨૦-૦૫-૨૦૨૪ (સોમવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૨૦-૦૫-૨૦૨૪ (સોમવાર) નાં રોજ રાખવામાં આવેલ હતી.જેમાં ઉપર મુજબ બને પક્ષકારો હાજર રહેલ હતા.

**:: અરજદારની રજૂઆત ::**

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે, I am writing to bring to your attention an urgent matter related to the power transmission lines passing over my under-constructed building on my plot. The lines are currently maintained by the Paschim Gujarat Vij Company Limited (PGVCL) Pranchi Division. Despite my previous communication with Executive Engineer PGVCL Pranchi, no action has been taken to address the issue. The power lines pose a significant risk to the safety of my property and its occupants. As the construction progresses, the situation becomes more critical.I kindly request your intervention in this matter. Specifically, I seek the following:

1. Immediate Line Shifting : - I urge the authorities to expedite the process of shifting the power lines away from my building. This is crucial to ensure the safety of the structure and its future occupants.

2. Inspection and Assessment: - I request a thorough inspection of the existing power lines and their impact on my property. An assessment of the risks posed by their current placement is essential.

3. Timely Action: - Given the urgency of the situation, and to take prompt action. Delays could result in irreversible damage or safety hazards.
I have attached relevant documents, including my previous correspondence with Executive Engineer PGVCL Pranchi, for your reference. Additionally, I am willing to provide any further information required to expedite the resolution. I appreciate your attention to this matter and trust that you will take necessary steps to ensure the safety and well-being of the residents in the vicinity. Thank you for your prompt action. Sincerely, આમ અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 પ્રાંચી પેટા વિભાગીય કચેરી હેઠળ ઘંટીયા મુકામે દ્વારકાધીસ -1 સોસાયટીમાં અરજદાર શ્રી અપરનાથી જીતેન્દ્રગીરી મનસુખગીરી ની અંડર કન્સ્ટ્રકટેડ બિલ્ડીંગ પરથી લાઇન શિફ્ટિંગ માટેની અરજી અન્વયે ઉપરોક્ત સરનામા વાળી જગ્યાએ સ્થળ તપાસ કરતાં સ્થળપર જાહેર રસ્તો જ્યાં પૂરો થાય છે ત્યાં બાજુમાં અંદાજે 40 વર્ષ કરતા પણ વધારે સમય પહેલાથી પસાર થતી ડબલ સર્કિટ 11 કેવી ની ગર્ડર પોલ ની લાઇન આવેલ છે. જે લાઇન સોસાયટી ના જાહેર રસ્તાને કાંઠે આવેલ છે સદર અરજદાર શ્રી અપરનાથી જીતેન્દ્રગીરી મનસુખગીરી દ્વારા સદર બિલ્ડીંગ ના બાંધકામ માં સદર બિલ્ડીંગ નો રવેસ બહાર કાઢેલ છે જે ખરેખર બાંધકામ ની મંજૂરી ના નિયમોનું ઉલંઘન કરેલ હોય તેવું સ્પષ્ટ જણાય છે. જો બાંધકામ ના નિયમોનું પાલન કરેલ હોત તો સદર વિજ લાઇન નડતરરૂપ થઈશકે તેમ નથી. તથા ઇંડિયન ઈલેક્ટ્રીસિટી એક્ટ મુજબ કોઈપણ પ્રકારની ઇલેક્ટ્રીક લાઇન નીચે કે બાજુમાં કોઈપણ પ્રકારનું બાંધકામ કરવું તે ગુન્હો અને નિયમ વિરુદ્ધ છે. આમ સદર બાંધકામ પીજીવીસીએલ ની હયાત લાઇન નજીક અરજદાર પોતાને અકસ્માતનું જોખમ ઉભુ થાય તે રીતના બાંધકામ કરેલ છે જે બાબતેનો અરજદાર ને પ્રત્યુતર પાઠવેલ છે તથા હયાત લાઇન નજીક ગેરકાયદેસર બાંધકામ કરવા અંગે નોટિસ પણ આપેલ છે.

૩.૧ જેથી કોઈપણ પ્રકારની ઈલેક્ટ્રીક લાઇન નીચે સદર વિજ લાઇન કે પોલ અન્ય જગ્યાએ ખસેડવાની કોઈ જરૂરિયાત રહેતી નથી તેમજ સદર વિજ લાઇન કે પોલ ફેરવવામાટે અન્ય વૈકલ્પિક વ્યવસ્થા પણ નથી.

## :: હુકમ ::

૪.૦ અરજદારશ્રી દ્વારા કરેલ મૌખીક તેમજ લેખીત રજૂઆત તથા સામાંવાળાની મૌખીક રજૂઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ નીચે મુજબ નાં નિર્ણય ઉપર આવેલ છે.

૪.૧ સદર બાબતે પીજીવીસીએલ ની રજૂઆત મુજબ અરજદાર શ્રી અપરનાથી જીતેન્દ્રગીરી મનસુખગીરી દ્વારા સદર બિલ્ડીંગ ના બાંધકામ માં રવેસ બહાર કાઢેલ છે. સદર વિજ લાઇન નડતરરૂપ થઈશકે તેમ નથી. તથા ઇંડિયન ઈલેક્ટ્રીસિટી એક્ટ મુજબ કોઈપણ પ્રકારની ઇલેક્ટ્રીક લાઇન નીચે કે બાજુમાં કોઈપણ પ્રકારનું બાંધકામ કરી શકાય નહીં. તેથી સદર બાંધકામ પીજીવીસીએલ ની હયાત લાઇન નજીક અરજદાર પોતાને અકસ્માતનું જોખમ ઉભુ થાય તે રીતના બાંધકામ કરેલ હોય તેવું જણાય છે.

૪.૨ આમ,પ્રતિવાદી ના અહેવાલ મુજબ આ સ્થળે માંગણી મુજબ વીજ લાઈન હટાવવાની જરૂરિયાત જણાતી નથી. સબધિત અધિકારી દ્વારા આ મુજબ અરજદારને જાણ પણ કરવામાં આવે છે આમ અરજદારની માંગણી મુજબ કોઈ હુકમ કરવાનો થતો નથી અને અરજી ફેસલ કરવામાં આવે છે.

૪.૩ તે મુજબ અત્રે ના ફોરમ દ્વારા હુકમ કરવામાં આવે છે.

૪.૪ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| શ્રી એન.એસ.પંડયા | શ્રી વી.જી.મારકણા | શ્રી એન.સી.મકવાણા |
| સ્વતંત્ર સભ્ય | મેમ્બર (ટેકનીકલ) | ચેરપર્સન |

**નોંધ:-**

(૧) અરજદાર સદર હુકમ થી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખ થી દિન-30 માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે.આ સાથે વિધુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે અને કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમ ના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબિતી રજૂ કરી હોય,તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલશ્રી નું સરનામું : વિદ્યુત લોકપાલની કચેરી, જીલ્લા સેવા સદન-3, ત્રીજો માળ,બ્લોક નં. ૧, સરકારી પ્રેસ રોડ, ફોન નં.-0૨૮૧-૨૯૯૪૧૨૫, રાજકોટ-૩૬000૧